# તમને અમેરિકાના કયા વિઝા જોઈએ છે?

**વિઝા મિત્ર**
★ સંગીતા જોશી

નમસ્તે મારા વિઝામિત્રો,

આપ સૌનો ખૂબ ખૂબ ધન્યવાદ. મારા લેખો તમને સૌને ખૂબ જ ગમે છે. એ આનંદદાયક, મજેદાર, માહિતીપ્રદ અને સરળ ભાષામાં અમેરિકાના વિઝાની સમજણ આપનાર હોય છે એવો તમારો પ્રતિભાવ જાણીને ખૂબ ખૂબ આનંદ થયો. આવો જ પ્રેમ વરસાવતા રહેશો અને મારો ઉત્સાહ વધારતા રહેશો.

મિત્રો, આમ તો આપણે વિઝાના કંઈ કેટલાય પ્રકારો વિશે સાંભળતા હોઈએ છીએ પણ આ વિઝા કઇ કેટેગરી હેઠળ આવે છે? આ વિઝાના ધારકો કોણ બની શકે છે? આ વિઝા હેઠળ કયાં કયાં કામો થઈ શકે છે? એ જાણકારી હોવી ખૂબ જ જરૂરી છે. તો આજે અને આવનારા થોડા લેખોમાં આપણે અમેરિકાના વિઝાના પ્રકારો વિશે જાણીશું.

અમેરિકાના વિઝાના મુખ્ય બે પ્રકાર છે, ઈમિગ્રન્ટ અને નોન ઈમિગ્રન્ટ. ઈમિગ્રન્ટ વિઝાધારક અમેરિકામાં કાયમ રહેવાની લાયકાત ધરાવે છે અને નોન ઈમિગ્રન્ટ વિઝાધારક એટલે જે થોડો સમય માટે અમેરિકામાં જઈને પોતાની પાસેના વિઝા હેઠળ જે કામ કરી શકાય એ કરીને પોતાના દેશમાં પાછો ફરે છે.

અમેરિકાના નોનઈમિગ્રન્ટ વિઝાના A થી માંડીને V સુધીના પ્રકારો છે. આજે આપણે એમાંના થોડા પ્રકારો વિશે અને એ કોણ ધરાવી શકે એ બાબતની માહિતી જાણીશું.

A-1:- કોઈપ ણ દેશના એમ્બેસેડર, મંત્રીઓ, ડિપ્લોમેટ્સ, પ્રધાનો, કોન્સ્યુલર ઓફિસર અને એમના કુટુંબીજનો માટે.

A-2:- પરદેશની સરકારના નોકરિયાતો, ઓફિસરો અને એમના કુટુંબીજનો માટે.

A-3:- A-1 અને A-2ના નોકરો, પર્સનલ આસિસ્ટન્ટો ને એમના કુટુંબીજનો માટે.

B-1:- બિઝનેસની જાણકારી મેળવવા અથવા એ સંબંધિત વાતચીત કરવા જનાર માટે.

B-2:- પ્રવાસીઓ માટે.

C:- સતત અમેરિકા થઈને બીજા દેશમાં જવા માટે પસાર થનાર માટે.

D:- ખલાસીઓ, જહાજના કેપ્ટનો, પાઈલટો, એરહોસ્ટેસો વગેરે માટે.

E-1:- સંધિ થયેલા દેશોના વેપારીઓ માટે.

E-2:- સંધિ થયેલા દેશોના રોકાણકારો માટે.

F-1:- વિદ્યાર્થીઓ માટે.

F-2:- F-1 વિઝાનાં પતિ/પત્ની અને બાળકો માટે.




**ઇમિગ્રન્ટ વિઝાધારક અમેરિકામાં કાયમ રહેવાની લાયકાત ધરાવે છે અને નોન ઈમિગ્રન્ટ વિઝાધારક એટલે જે થોડો સમય માટે અમેરિકામાં જઈને પોતાની પાસેના વિઝા હેઠળ જે કામ કરી શકાય એ કરીને પોતાના દેશમાં પાછો ફરે છે**

F-3:- મેક્સિકો અને કેનેડાના નાગરિકો અને રહેવાસીઓ જે અમેરિકામાં ફુલ અથવા પાર્ટ ટાઈમ માટે સ્ટુડન્ટ્સ હોય તેમના માટે.

G-1:- અમેરિકાએ માન્યતા આપેલ દેશની સરકારના મુખ્ય પ્રતિનિધિઓ અને ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશનના સ્ટાફ અને તેમના કુટુંબીજનો માટે.

G-2:- સરકારના પ્રતિનિધિઓ જે ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશનના કામ માટે આવતા હોય તેઓ માટે અને તેઓના સ્ટાફ અને કુટુંબીજનો માટે.

G-3:- જેની સરકાર ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશનની સભ્ય ન હોય પણ જે વ્યક્તિ G-1 અને G-2 વિઝા માટે લાયક ઠરે એ વ્યક્તિ માટે.

G-4:- ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન્સના ઓફિસરો અને નોકરિયાતો અને તેમના કુટુંબીજનો માટે.

G-5:- G-1,G-2,G-3 અને G-4 વિઝાધારકોના સેક્રેટરીઓ, નોકરો અને અંગત કામગીરી કરનારાઓ માટે.

H-1A:- રજીસ્ટર થયેલી નર્સો માટે.

H-1B:-ખાસ જાણકારી ધરાવતી વ્યક્તિઓ માટે અને બેચલરની ડિગ્રી ધરાવતી વ્યક્તિઓ માટે.

H-2A:- ટેમ્પરરી ખેતીકામના કામદારો માટે.

H-2B:- ટેમ્પરરી ખેતીકામ સિવાયના કામદારો માટે.

H-3:- ટેમ્પરરી ટ્રેનિંગ આપનાર માટે.

H-4:- H-1, H-2 અને H-3નાં પતિ/પત્ની અને 21 વર્ષની વયની નીચેના અપરિણીત સંતાનો માટે.

I:- પત્રકારો અને તેમનાં પતિ/પત્ની અને કુટુંબીજનો માટે.

J-1:- એક્સચેન્જ વિઝિટર્સ એટલે કે સંશોધન કરનારાઓ, પ્રોફેસરો વગેરે માટે.

J-2:- J-1 વિઝાનાં પતિ/પત્ની અને બાળકો માટે

K-1:- અમેરિકાના સિટીઝનના ફિયાંસે જે 90 દિવસની અંદર પરણવા માટે આવે છે એમના માટે.

K-2:- K-1 વિઝાધારકના 21 વર્ષની નીચેની વયનાં અપરિણીત સંતાનો માટે.

L-1A:- ઈન્ટ્રાકંપની ટ્રાન્સફરી મેનેજર અથવા એક્ઝિક્યુટિવ માટે.

L-1B:- ઈન્ટ્રાકંપનીની ખાસ જાણકારી ધરાવતી વ્યક્તિ માટે.

L-2:- L-1A અને L-1B વિઝાધારકનાં પતિ/પત્ની અને 21 વર્ષની વયની નીચેનાં અપરિણીત સંતાનો માટે. વિઝામિત્રો, અમેરિકાના નોનઈમિગ્રન્ટ પ્રકારના વિઝાના A થી માંડીને V સુધીના અનેક પ્રકારો છે. આ ઉપરાંત ઈમિગ્રન્ટ વિઝા જેના થકી તમે અમેરિકામાં કાયમ રહેવા જઈ શકો છો, તેના પણ અનેક પ્રકારો છે. તો આવતા અંકે આપણે જોઈશું બાકીના M થી લઈને V સુધીના નોનઈમિગ્રન્ટ વિઝાના પ્રકારો. ત્યાર બાદ આપણે જોઈશું ઈમિગ્રન્ટ વિઝાના અનેક પ્રકારો વિશે.

તો વધુ આવતા અંકે...

# આસિસ્ટન્ટ સર્જનની ફી કાપી શકાતી નથી : ગ્રાહક કમિશનનો વીમા કંપનીને ચીમકીભર્યો સંદેશ

**ગ્રાહક મંચ**
★ શ્રેયસ દેસાઈ (એડવોકેટ)

આરોગ્ય વીમો લેતી વખતે વીમા કંપનીઓ ગ્રાહકોને વિવિધ આકર્ષક વચનો આપતી હોય છે પરંતુ જ્યારે વીમાધારક સારવાર બાદ વીમા દાવો (ક્લેમ) રજૂ કરે છે ત્યારે ઘણી વખત વીમા કંપનીઓ વિવિધ કારણો દર્શાવીને ક્લેમની રકમમાં કપાત કરતી હોય છે. આવી કપાત હંમેશાં કાયદેસર હોય જ એવું નથી. સુરત જિલ્લા ગ્રાહક કમિશન દ્વારા આપવામાં આવેલા એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે સર્જરી દરમિયાન મુખ્ય સર્જનને સહાય કરનાર આસિસ્ટન્ટ સર્જનની ફી પણ સારવાર ખર્ચનો જ એક ભાગ છે અને તે ખર્ચ ચૂકવવામાંથી વીમા કંપની હાથ ધોઈ શકતી નથી.

આ કેસમાં ફરિયાદી કિરણભાઈ દેસાઈ અને તેમના પરિવારજનો દ્વારા ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની પાસેથી મેડીક્લેમ પોલિસી લેવામાં આવી હતી. પોલિસી લાંબા સમયથી નિયમિત રીતે રિન્યુ કરવામાં આવતી હતી અને તમામ પ્રીમિયમ સમયસર ભરવામાં આવતા હતા. પોલિસી અમલમાં હતી તે દરમિયાન ફરિયાદીની પત્નીને પગની ગંભીર તકલીફ ઊભી થતાં તેમને સુરતની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં.

તબીબી તપાસ દરમિયાન તેમને વેરિકોઝ વેઈન (Varicose Vein) ની સમસ્યા હોવાનું નિદાન થયું અને સર્જરી કરવાની સલાહ આપવામાં આવી. જરૂરી તપાસો અને નિષ્ણાત ડૉક્ટરોની સલાહ બાદ ઓપરેશન કરવામાં આવ્યું. હોસ્પિટલમાં દાખલ રહેવા, ઓપરેશન, દવાઓ, ટેસ્ટ, ડૉક્ટરની ફી તથા અન્ય સારવાર ખર્ચ સહિત કુલ રૂ. 1,27,271/- નો ખર્ચ થયો હતો.

સારવાર પૂર્ણ થયા બાદ ફરિયાદીઓએ તમામ જરૂરી દસ્તાવેજો, બિલો, રિપોર્ટો અને ક્લેમ ફોર્મ સાથે વીમા કંપની સમક્ષ દાવો રજૂ કર્યો પરંતુ વીમા કંપનીએ ક્લેમની સંપૂર્ણ રકમ ચૂકવવાના બદલે રૂ. 54,919/- જેટલી મોટી રકમ કાપી નાખી અને બાકીની જ રકમ ફરિયાદીના ખાતામાં જમા કરાવી.



**કમિશને સમગ્ર રેકોર્ડ, હોસ્પિટલના દસ્તાવેજો તથા બંને પક્ષોની દલીલોનો અભ્યાસ કર્યા બાદ નોંધ્યું કે આસિસ્ટન્ટ સર્જનની સેવા સર્જરીની પ્રક્રિયાનો અભિન્ન ભાગ છે. દર્દીની સલામતી અને સફળ ઓપરેશન માટે આવા નિષ્ણાતોની હાજરી જરૂરી હોય છે**

વીમા કંપની દ્વારા કરવામાં આવેલી આ કપાતમાં મુખ્યત્વે ઓપરેશન દરમિયાન હાજર રહેલા આસિસ્ટન્ટ સર્જનની ફી તથા અન્ય કેટલાક ખર્ચનો સમાવેશ થતો હતો. કંપનીનો અભિપ્રાય એવો હતો કે આ પ્રકારનો ખર્ચ પોલિસી હેઠળ ચૂકવવાપાત્ર નથી.

ફરિયાદીઓએ વીમા કંપનીના આ નિર્ણયને અન્યાયી ગણાવી સુરત જિલ્લા ગ્રાહક કમિશનનો દરવાજો ખખડાવ્યો હતો. ફરિયાદીઓ તરફે તેમના એડવોકેટ શ્રેયસ દેસાઈ દ્વારા એવી રજૂઆત કરવામાં આવી હતી કે જ્યારે પોલિસી વેચવામાં આવી ત્યારે વીમા કંપનીએ ક્યારેય એવી કોઈ સ્પષ્ટ જાણકારી આપી નહોતી કે સર્જરી દરમિયાન આસિસ્ટન્ટ સર્જનની ફી અથવા આવા અન્ય જરૂરી તબીબી ખર્ચની રકમ ક્લેમમાંથી કાપી લેવામાં આવશે. જો આવી મહત્ત્વપૂર્ણ મર્યાદાઓ અગાઉથી જણાવવામાં આવી હોત તો ગ્રાહક પોલિસી લેવી કે નહીં તે અંગે યોગ્ય નિર્ણય લઈ શક્યો હોત.

કમિશને સમગ્ર રેકોર્ડ, હોસ્પિટલના દસ્તાવેજો તથા બંને પક્ષોની દલીલોનો અભ્યાસ કર્યા બાદ નોંધ્યું કે આસિસ્ટન્ટ સર્જનની સેવા સર્જરીની પ્રક્રિયાનો અભિન્ન ભાગ છે. દર્દીની સલામતી અને સફળ ઓપરેશન માટે આવા નિષ્ણાતોની હાજરી જરૂરી હોય છે. તેથી આવા ખર્ચને મનસ્વી રીતે નકારી શકાય નહીં.

સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન (મેન)ના તત્કાલીન પ્રમુખ શ્રી એ. એમ. દવે અને તત્કાલીન સભ્ય શ્રીમતી રૂપલબેન બારોટે ફરિયાદ સ્વીકારી હતી. કમિશને વીમા કંપની દ્વારા ખોટી રીતે કપાત કરવામાં આવેલી રૂ. 54,919/- ની રકમ ફરિયાદીને પરત ચૂકવવાનો આદેશ આપ્યો હતો. સાથે જ તે રકમ પર વાર્ષિક 8% વ્યાજ તથા વળતર અને ખર્ચ પેટે વધારાના રૂ. 5,000/- પણ ચૂકવવાનો હુકમ કર્યો હતો.

આ ચુકાદો સ્પષ્ટ સંદેશ આપે છે કે વીમા કંપનીઓ ગ્રાહકોનાં હિતોને અવગણીને મનસ્વી કપાત કરી શકતી નથી. પોલિસીની શરતો પારદર્શક હોવી જોઈએ અને સારવાર માટે જરૂરી તબીબી ખર્ચને વાજબી કારણ વિના નકારી શકાય નહીં. ગ્રાહકો માટે આ ચુકાદો તેમના અધિકારોની રક્ષા કરતો એક મહત્ત્વપૂર્ણ માર્ગદર્શક નિર્ણય સાબિત થાય છે.

**કેન્ડલ લાઈટ**

“દીવાના અજવાળામાં ઘણી
વાર શબ્દો બોલાતા નથી,
પણ આંખો એ બધું કહી જાય છે
જે હોઠો કહી શકતા નથી.”